ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



દક્ષા જાદવ
સેક્રેટરી, લાયોનેસ ક્લબ




પૂર્વા હિતેન્દ્રકુમાર ત્રિવેદી
મો. ૯૯૦૪૦ ૭૬૪૭૩



પાર્થરાજસિંહ જાડેજા



ભરતકુમાર છગનલાલ શાહ
મો. ૯૮૨૪૬ ૧૯૪૫૧



ચિરાગ પરસાણા



ધન્વી જિજ્ઞેશકુમાર શર્મા
મો. ૯૯૭૯૮ ૮૫૪૪૩



વિરેન કોરાટ



રાજુભાઈ બોરીચા

# બીસીએ કૉલેજના વિદ્યાર્થીઓનું ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ





કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કૉમ્પ્યુટર સ્ટડીઝના સૅમેસ્ટર-૬માં અભ્યાસ કરતા ૪૦ વિદ્યાર્થીઓને મૉડર્ન કૉમ્યુનિકેશન ઍન્ડ બ્રોડકાસ્ટ સિસ્ટમ પ્રાઈવેટ લિમિટેડમાં એક મહિના માટે ઈન્ટર્નશીપ પ્લેસમેન્ટ મળ્યું છે. આ પ્લેસમેન્ટ અંતર્ગત વિદ્યાર્થીઓને ડીટીએચ, સીસીટીવી, સૅટ ટૉપ બૉક્સ, જીએસએમ, કેબલ ટીવી વગેરેના મૅન્યુફૅક્ચરીંગ, ઑપરેટીંગ, ઈન્સ્ટોલેશન, ટેસ્ટીંગ, રીપેરીંગ તથા મૅઈન્ટેનન્સની તાલીમ આપવામાં આવી રહી છે. આ તાલીમ વિશ્વવિદ્યાલય સંચાલિત ઈન્ડસ્ટ્રી ઈન્સ્ટીટ્યુટ ઈન્ટરેક્શન સૅલ દ્વારા આપવામાં આવી રહી છે. ચાર વિભાગમાં વિભાજિત થયેલી તાલીમ એક મહિનો ચાલશે. તાલીમ બાદ વિદ્યાર્થીઓને આઈ-કેવિકે દ્વારા પ્રમાણપત્ર મળશે અને યોગ્યતા ધરાવનાર વિદ્યાર્થીઓને પ્લેસમેન્ટ પ્રાપ્ત થશે. તાલીમ માટે સંસ્થાના ડિરેક્ટર ડૉ. સંજય એમ શાહ અને કૉલેજ પરિવારે વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
વજીર
૧૨.૪૫, ૩.૩૦
૬.૩૦, ૧૦.૧૫
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૮.૩૦

**સ્ક્રીન-૩**
પોઈન્ટ બ્રેક (૩ડી હિન્દી)
૫.૦૦
સ્ટાર વોર્સ : ધ ફોર્સ અવેકન્સ (૩ડી અંગ્રેજી)
૭.૧૫, ૯.૪૫

**સ્ક્રીન-૪**
છોટા ભીમ : હીમાલયન એડવેન્ચર
૩.૧૫, ૫.૧૫
દિલવાલે
૧૨.૧૫, ૭.૧૫
છેલ્લો દિવસ
૧૦.૦૦

**સ્ક્રીન-૫**
વજીર - ૧૦.૦૦ (સવારે)
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫
દિલવાલે - ૯.૪૫

## પ્રેરણા વિદ્યાલયની વિદ્યાર્થીનીઓએ પ્રકૃતિ શિબિરમાં ભાગ લીધો

ગાંધીનગર, તા. ૧૧

સેક્ટર-૩૦માં આવેલ વન્ય જીવ તાલીમ ભવન ખાતે તાજેતરમાં ત્રણ દિવસીય પ્રકૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં પ્રેરણા વિદ્યાલયની ૫૦થી વધુ વિદ્યાર્થીનીઓ તથા બે શિક્ષકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ શિબિરમાં શાળાની વિદ્યાર્થનીઓને પશુ, પક્ષીઓ તથા પ્રકૃતિ સાથે પરિચય કરાવવામાં આવ્યો હતો. ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનમાં બાળકોને વન્યજીવો વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. દરેક વિદ્યાર્થીનીઓએ વૃક્ષો તથા વન્ય પ્રાણીઓનું જતન કરવા અંગે સંકલ્પ લીધો હતો. શિબિર દરમિયાન વિદ્યાર્થીઓએ અને શિક્ષકોએ પ્રકૃતિના સાંનિધ્યમાં અલ્પાહારની મજા માણી હતી. બાળકોને ત્રણ દિવસમાં પ્રકૃતિ વિષયને લગતી નીત નવી માહિતી પુરી પાડવામાં આવી હતી.

### પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે

## 'સ્વામી વિવેકાનંદ : વિશ્વ વંદનીય દિવ્ય વિભૂતિ' વિષયે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૧૧

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે સ્વામી વિવેકાનંદ જયંતિના ઉપલક્ષમાં વિદ્યાર્થીનીઓ માટે એક વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

'સ્વામી વિવેકાનંદ : વિશ્વ વંદનીય દિવ્ય વિભૂતિ' વિષયે સુરેશભાઈ જાધવે મનનીય અને પ્રેરણાદાયક પ્રવચન આપ્યું હતું.

કાર્યક્રમનું સંચાલન કરતાં ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર પ્રા. ભરતસિંહ પી રાવે જણાવ્યું હતું કે ભારતના યુવાનો અને યુવતિઓ જો સ્વામી વિવેકાનંદની ઉમદા વિચારસરણી જીવનમાં અપનાવી તેને અનુસરે તો તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓનો ઉપયોગ માત્ર તેમના વ્યક્તિત્વ વિકાસમાં જ નહીં, પરંતુ સમાજ નિર્માણ, રાષ્ટ્ર વિકાસ અને વિશ્વ માનવ ધર્મના ઉદય માટે પણ થઈ શકે જે સ્વામીજીને સાચી શ્રધ્ધાંજલિ ગણાશે. કાર્યક્રમના આયોજનમાં પ્રા. ડૉ. રાકેશભાઈ પટેલનો સહયોગ મળ્યો હતો. કાર્યક્રમની સફળતા માટે કૉલેજનાં આચાર્યા ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ શુભેચ્છા આપી હતી.

## લીંબોદરા હાઈસ્કૂલ ખાતે વાર્ષિક રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા. ૧૧

શ્રી લીંબોદરા સેવા સમાજ, અમદાવાદ સંચાલિત શ્રી પ્રબોધ પોપટલાલ રવચંદ શાહ હાઈસ્કૂલ, લીંબોદરા ખાતે વાર્ષિક સ્પોર્ટ્સ ડેનું આયોજન કરવામાં આવ્યું હતું.

દોડ, ગોળાફેંક, લાંબીકૂદ, કુસ્તી, જુડો, ચેસ, યોગાસન, ખો-ખો, લીંબુ ચમચી, કોથળા દોડ વગેરે રમતો આ રમતોત્સવ અંતર્ગત યોજવામાં આવી હતી. મિલ્ખા સિંહ, સાનિયા મિર્ઝા, પી ટી ઉષા તેમજ વિશ્વનાથન એમ ચાર જૂથમાં આ સ્પર્ધા યોજવામાં આવી હતી, જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર ઈવેન્ટનું સંચાલન સ્કૂલના વ્યાયામ શિક્ષક વિશાલ થોરાતે કર્યું હતું.


## લૉ યુનિવર્સિટીનું શોધગંગા સાથે જોડાણ



ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટીએ 'શોધગંગા' સાથે જોડાણ હેતુ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન સાથે ઍમઓયુ સાઈન કર્યો છે. 'શોધગંગા' એ યુજીસીનું સંશોધન સંગ્રહસ્થાન છે, જેના માધ્યમથી શોધકર્તાઓ પોતાનું વિદ્યાવાચસ્પતિ કક્ષાનું સંશોધન અન્ય શોધકો માટે જાહેર કરી શકે છે. શોધગંગા સાથે જોડાઈને ગુજરાત નૅશનલ લૉ યુનિવર્સિટી એ દેશની આ પ્રકારનું જોડાણ ધરાવતી ૨૪૭મી યુનિવર્સિટી બની ગઈ છે. કોઈ લૉ યુનિવર્સિટીએ શોધગંગા સાથે જોડાણ સાધ્યું હોય એવી આ પહેલી ઘટના છે.

## હિન્દી સાહિત્ય જગતનું ખ્યાત વાગેશ્વરી સન્માન અશોક ખાંટને

ગાંધીનગર, તા. ૧૧



મધ્યપ્રદેશ સ્થિત હિન્દી સાહિત્યિક સંસ્થા 'દષ્ટિ' દ્વારા ગુના શહેર ખાતે મધ્યપ્રદેશ લેખક સંઘ, ગ્રંથ ભારતી ન્યુ દિલ્હી, રાજેશ્વરી પ્રકાશન તેમજ હિન્દી સામયિક નારી દર્પણ અને સાહિત્ય ક્રાંતિના સહયોગથી અખિલ ભારતીય હિન્દી સાહિત્ય સંમેલન અને હિન્દી સાહિત્યકાર સન્માન સમારોહ આગામી ૧૭ જાન્યુઆરીના રોજ માનસ ભવન ખાતે યોજાઈ રહ્યો છે. હિન્દી સાહિત્ય જગતના દિગ્ગજ હિન્દી લેખકોને વિવિધ પુરસ્કારો દ્વારા આ સમારોહ અંતર્ગત સન્માનિત કરવામાં આવશે.

આણંદના પ્રસિધ્ધ કલાકાર અશોક ખાંટની હિન્દી કવિતાઓ ઉપરથી નિર્મિત ચિત્રશ્રેણી 'શબ્દરંગ' તેમજ તેમનાં ચિત્રોનું પ્રદર્શન પણ અધિવેશનના સ્થળે યોજાઈ રહ્યું છે. દિગ્ગજ હિન્દી લેખકોના સન્માન સાથે ગુજરાતના કલાકાર અશોક ખાંટને પણ આ સાહિત્યિક સંસ્થા દ્વારા 'વાગેશ્વરી સન્માન'થી સન્માનિત કરવામાં આવશે, જે ગુજરાત માટે ગૌરવની વાત છે.

અખિલ ભારતીય રાષ્ટ્રભક્તિ કવિ સંમેલન પણ આ કાર્યક્રમની સાથે જ યોજાઈ રહ્યું છે, જે અંતર્ગત મેરઠ, કોટા, ભોપાલ, અલવર, ઉજ્જૈન, ચિત્તોડગઢ જેવાં શહેરોના કવિઓ રાત્રિના સૅશનમાં કાવ્યપઠન કરશે. આ પ્રસંગે ૬ જેટલાં પુસ્તકોનું લોકાર્પણ પણ કરવામાં આવશે.

# મારી રગેરગમાં સર્વ વિદ્યાલય છે

**પ્રસંગસર**
મિતેષ મોદી - કુંતલ નિમાવત

૧૨ જાન્યુઆરી. વિશ્વવંદનીય વિભૂતિ સ્વામી વિવેકાનંદની જન્મતિથિ અને મૅનેજમૅન્ટ ગુરુ સ્વ. માણેકલાલ પટેલની પુણ્યતિથિ; એમ બેવડો યાદગાર દિવસ.

સ્વ. માણેકલાલ પટેલ મૅનેજમૅન્ટ ગુરુ એટલા માટે કે એમણે ગણતાં થાકી જવાય એટલી સંસ્થાઓમાં વિવિધ પદોની જવાબદારીઓ નિભાવી છે. એમાંય સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી, ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીને તો તેમણે પોતાની જાત જાણે સમર્પિત કરી દીધી હતી. આ સંસ્થાઓમાં એમણે મંત્રી અને ચૅરમૅન તરીકે સેવાઓ આપી અને છેવટે એ સંસ્થાઓની કલગીરૂપે કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રૅસીડેન્ટ તરીકે જીવનના અંત સુધી તેના વિકાસ માટે પ્રયત્નશીલ રહ્યા.

આ ઉપરાંત તેઓ કડી ઑઈલ મિલ્સ ઍસોસિએશનના પ્રમુખ, ગુજરાત વેપારી મહામંડળની કારોબારી સમિતિના સભ્ય, ગુજરાત ગૌશાળાના ટ્રસ્ટી, ઉમિયા માતાજી સંસ્થા, ઊંઝાની કારોબારી સમિતિના સભ્ય, ભાગ્યોદય હૉસ્પિટલના માનદ્ મંત્રી, ગ્રામોત્થાન અને ગ્રામ સ્વરાજ નિર્માણમાં સક્રિય ભાગીદાર, સંકટ નિવારણ સોસાયટીના સભ્ય તરીકે રહીને સમાજની અમૂલ્ય સેવા કરી. કડી લાયન્સ ક્લબના પ્રમુખ તરીકે એમણે પૂરમાં ઘર વિનાનાં થઈ ગયેલાં લોકો માટે એક હજાર જેટલાં મકાનો બાંધી આપવાની વ્યવસ્થા કરી એ એમની અનન્ય સેવા હતી.

એમની ઉજજવળ અને ગૌરવવંતી સેવાઓને અનુલક્ષીને તેઓ અનેક માનઅકરામ અને ઍવોર્ડ્સથી વિભૂષિથ થયા હતા. કડવા પાટીદાર પરિવાર ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા સમાજ ઉત્કર્ષની સેવાઓ માટે પૂ. સચ્ચિદાનંદ સ્વામીના હસ્ત પાટીદાર શ્રેષ્ઠ શિરોમણી ઍવોર્ડ, કડી શહેર સામાજિક શૈક્ષણિક, સાહિત્ય, કળા, વ્યાપાર, ઉદ્યોગ ક્ષેત્રે વિશિષ્ટ સેવાઓ માટે કડી નગરપાલિકા દ્વારા આનંદીબહેન પટેલના વરદ હસ્તે સન્માન ઍવોર્ડ, આનર્ત ટ્રસ્ટ, મહેસાણા દ્વારા આનર્ત ઍવોર્ડ - આ ઍવોર્ડ એનાયત સમારોહમાં પૂ. સ્વામી સત્યમિત્રાનંદગિરિજી અને પૂ. કૃષ્ણશંકર શાસ્ત્રી દ્વારા અભિવાદન સાથે સન્માન, ઉમિયા માતાજી



સંસ્થાન, ઊંઝા દ્વારા શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન બદલ ઍવોર્ડ અને સન્માનપત્ર દ્વારા અભિવાદન, કડી શહેર અને તાલુકાની જનતા તરફથી સન્માનપત્ર, કડીમાં કોમી એકતા અને એખલાસ જાળવી કોમી ભાઈચારાની ભાવના પ્રસરાવવા માટે તત્કાલીન રાષ્ટ્રપતિ જ્ઞાનિ ઝૈલસિંગજીના હસ્તે કડી કોટના મેદાનમાં આયોજિત જાહેર કાર્યક્રમમાં એમનું સન્માન થયું હતું.

સ્વ. માણેકલાલ પટેલનાં કાર્યોની યાદગીરીમાં આજે સર્વ વિદ્યાલયના દાતાઓ, અતિથિઓ અને સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા ઍમ ઍમ પટેલ મૅમોરિયલ મૅરિટ સ્કૉલરશીપ વિતરણ સમારોહ યોજવામાં આવશે. કડી મુકામે સર્વ વિદ્યાલય પરિવાર દ્વારા સ્વ. માણેકલાલ પટેલની પ્રતિમાનું અનાવરણ કરાશે. રાજ્યના આરોગ્ય મંત્રી અને કડી ગામના વતની નીતિનભાઈ પટેલ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે.


સ્વ. માણેકલાલ પટેલની આ ચોથી પુણ્યતિથિ નિમિત્તે ૧.૨૫ કરોડ રૂપિયા જેવી માતબર રકમ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે અર્પણ કરાશે. વધુમાં, આ દિને પૂ. છગનભા વટવૃક્ષ, પૂ. છગનભા પ્રતિમાદર્શન, પટેલ અંબાલાલ હરજીવનદાસ (શેરથા), ઈન્ડોર સ્પૉર્ટ્સ કૉમ્પલેક્સ અને મલ્ટીપર્પઝ હૉલ, કડી, ઍચ વી ઈન્સ્ટીટ્યુટ ઑફ પોસ્ટ ગ્રૅજ્યુએટ સ્ટડીઝ ઍન્ડ રીસર્ચ, કડી, પ્રભાવતી ભરતકુમાર પટેલ સૅકન્ડરી ઍન્ડ હાયર સૅકન્ડરી સ્કૂલ, કડી, શ્રીમતી સુભદ્રાબેન બંસીભાઈ ખમાર કુમાર છાત્રાલય, કડી, શ્રીમતી ડાહીબેન નારણદાસ ગોપાળદાસ પટેલ ઇંગ્લિશ મીડિયમ છાત્રાલય, કડી, શ્રીમતી ગોમતીબેન કાળીદાસ પટેલ કૉમ્પ્યુટર સૅન્ટર, કડી, તુલસીદાસ ભગવાનદાસ પટેલ સૅમિનાર હૉલ (ખરણાવાળા), શ્રીમતી સુશીલાબેન રમણભાઈ પટેલ (ડીંગુચાવાળા), લાઈબ્રેરી રીડીંગ રૂમ, કડી, નટવરલાલ એ પટેલ રિસર્ચ લૅબોરેટરી, કડી, શ્રી શહીદવીર ત્રિભોવનદાસ નથ્થુદાસ પટેલ (લણવાવાળા) વોકેશનલ ટ્રેનીંગ સૅન્ટરનું ઉદ્‌ઘાટન દાતાઓ, અતિથિઓ અને પરિવાજનો દ્વારા કરવામાં આવશે.

સ્વ. માણેકલાલ પટેલના ૮૨મા જન્મદિન પ્રસંગે તા.૧ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ કડી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા તેમનો ભારે દબદબાપૂર્વક જાહેર અભિવાદન સમારોહ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે મોહનભાઈ પટેલ દ્વારા સંપાદિત ગ્રંથ 'કર્મચૂડામણિ માણેકલાલ' અર્પણ કરવામાં આવ્યો હતો. આ સન્માનનો ભાવવિભોર સ્વરે પ્રતિભાવ આપતા તેમના શબ્દો જાહેર સંસ્થાના વહીવટકર્તાઓ માટે દૃષ્ટવ્ય બની રહે છે, 'આ મારું સન્માન નથી પણ મારી સંસ્થાનું સન્માન છે. વ્યક્તિ મહાન નથી, પરંતુ સંસ્થા મહાન છે... આવી સંસ્થાને પોષવી જોઈએ... મારી રગેરગમાં સર્વ વિદ્યાલય છે.'

## શિક્ષક ભલે ન બની શક્યા શિક્ષણક્ષેત્રમાં નામ અમર કર્યું

૧ ફેબ્રુઆરી, ૧૯૨૯ના રોજ ઉત્તર ગુજરાતના કડી પાસે આવેલ ઊંટવા ગામે માણેકલાલ પટેલનો જન્મ થયો હતો. તેમના માતાનું નામ દિવાળી બા અનો પિતાનું નામ માધવલાલ હતું. ધોરણ ૬ સુધીનું પ્રાથમિક શિક્ષણ ગામની શાળામાં મેળવ્યું ત્યારબાદ કડી સરકારી શાળામાંથી ધોરણ ૭ વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષા આપી સમગ્ર વડોદરા રાજયમાં બીજા નંબરે ઉર્તીણ થયા હતા. શિક્ષક બનવાની તેમની અંતઃકરણથી ઈચ્છા ધરાવતા માણેકલાલે શિક્ષક તરીકે ઈન્ટવ્યુ આપતવા ગયેલા પરંતુ શારીરિક દુબર્ળતાના કારણે પ્રાથમિક શિક્ષક પસંદગી સમિતિએ તેમના પર પસંદગી ન ઉતારી. જોકે, એનાથી નિરાશ થયા વિના તેમણે બીએ તથા એલએલબીની સ્નાતક પદવી ગુજરાત યુનિવર્સિટીમાંથી પ્રાપ્ત કરી, સમયાંતરે ઉદ્યોગપતિ તરીકે સફળ થયા અને પછી શિક્ષણનું ઋણ અદા કરવાની ભાવના સાથે તેમણે પૂજય છગનભાના આદર્શ અને ધ્યેયને, તેમના જીવન મંત્ર 'કર ભલા હોગા ભલા'ને તેમણે આત્મસાદ કરી સર્વ વિદ્યાલયના વિદ્યાર્થી હોવાના નાતે આપદ ધર્મ તરીકે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી તરીકે જવાબદારી ૧૯૭૩થી ૨૦૦૦ સુધી અને વર્ષ ૨૦૦૦થી છેલ્લા શ્વાસ સુધી પ્રમુખપદની જવાબદારી અદા કરીને એવી ઉત્તમ સંસ્થાઓની ભેટ સમાજને આપી જે અપ્રતિમ છે. ૪૦ વર્ષ સુધી તેમના દૂરંદેશીતાપૂર્ણ નેતૃત્વનો લાભ સર્વ વિદ્યાલયને મળ્યો. આ સમયગાળો કેળવણી મંડળના વિકાસનો સુવર્ણયુગ સાબિત થયો. સંસ્થાના અભૂતપૂર્વ વિકાસ થયો અને તેની કીર્તિ દિકદિગંત પ્રસરી. કડી, ગાંધીનગરને બહુ વિદ્યાશાખાકીય શિક્ષણધામોમાં પરિવર્તિત કરી નાંખવા માટે સ્વ. માણેકલાલ પટેલનું નામ અમર રહેશે.

## ઉત્તરાયણ પછી બે દિવસ મોઢેરામાં ઉત્તરાર્ધ ઉત્સવ



જાન્યુઆરીની ૧૪ તારીખ પછી સૂર્ય મકર રાશિમાં પ્રવેશ કરે છે અને મકરસંક્રાન્તિ પછી સૂર્ય પૃથ્વીની ઉત્તરમાં ગતિ કરે છે, જેને ઉત્તરાયણ કહે છે. ઉત્તરાયણ પછીના જ બે દિવસ માટે રાજ્ય સરકાર દ્વારા ઉત્તર ગુજરાતના મોઢેરા ખાતે 'ઉત્તરાર્ધ મહોત્સવ' સાંસ્કૃતિક પરંપરાથી ઉજવાય છે.

પુરાણકાળમાં મોઢેરાપુર તરીકે ઓળખાતું આજનું મોઢેરા એ બ્રાહ્મણો અને સૂર્યપૂજકો માટે મુખ્ય સ્થાન મનાતું. પ્રાચીન ધર્મશાસ્ત્રોમાં મોઢેરા તથા તેની આજુબાજુના ક્ષેત્રને ધર્મારણ્યક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે. સ્કંદપુરાણ તથા બ્રહ્મપુરાણમાં મોઢેરાનો ઉલ્લેખ ધર્મારણ્ય તરીકે કરવામાં આવ્યો છે.

મોઢેરા સતયુગમાં ધર્મારણ્ય ક્ષેત્ર, ત્રેતા યુગમાં સત્યમંદિર, દ્વાપર યુગમાં વેદભુવન અને કળિયુગમાં મોઢેરા તરીકે ઓળખાય છે. લોકવાયકા એવી છે કે ભગવાન શ્રીરામચંદ્રજી વનવાસે નીકળ્યા ત્યારે અહીં પધાર્યા હતા. તેમણે અહીં બ્રહ્મા, વિષ્ણુ, મહેશની સન્મુખ 'સૂર્યદેવ'ની પૂજા કરી હતી.

મહેસાણાથી પચીસ કિમીના અંતરે સ્થિત મોઢેરામાં પુષ્પાવતી નદીના કિનારે ખ્યાત સૂર્યમંદિર ગુજરાતને સોલંકીઓના શાસનની ભેટ છે. આ સૂર્યમંદિરના ગર્ભગૃહમાં સંવત ૧૦૮૩નો શિલાલેખ છે. આમ ઈસ ૧૦૨૭માં આ મંદિર બંધાયું હોવાનું મનાય છે. સૂર્યમંદિર હાલ ગર્ભગૃહ, રંગમંડપ, ગૂઢમંડપ સાથે શિખર વગર ઊભું છે. આ ત્રણેય પરિસરની કુલ લંબાઈ લગભગ ૧૪૫ ફૂટ છે. અહીં ૧૭૬ ફૂટ લાંબો અને ૨૦ ફૂટ પહોળો સૂર્યકુંડ પણ છે, જેની કલાત્મક કોતરણી જોવાલાયક છે.

મોઢેરાના આ સૂર્યમંદિરના સાંનિધ્યમાં 'ઉત્તરાર્ધ મહોત્સવ' ઉજવાય છે, જેમાં શિલ્પકલા અને નૃત્યકલાનો પવિત્ર સંગમ રચાય છે. દેશ-વિદેશના કલારસિકો આ પ્રસંગને માણવા ઉપસ્થિત રહે છે.